DATE :- 07-10-2026
SANDESH, PAGE-07, SURAT

સિટી
SANDESH SURAT

ડ્રીમ સિટી ડેપોમાં ૩ હજારથી વધુ વૃક્ષોનું વાવેતર કરાયું

# સુરત મેટ્રો : દેશમાં પ્રથમવાર ૧૧૦ ફૂટની ઊંડાઇએ બે સ્ટેક સ્ટેશન તૈયાર કરાયા

## મેટ્રો ટ્રેનની અંદર પ્રવેશતા જ હીરાઉદ્યોગની ઝાંખી જોવા મળશે





। સુરત ।

આગામી નવેમ્બર મહિનાથી મેટ્રો ટ્રેન ડ્રીમ સિટીથી અલથાણ વચ્ચે દોડે તેવી સંભાવના જોવાઇ રહી છે. જેને ધ્યાને રાખી તૈયારીઓ પણ શરૂ કરી દેવાઇ છે. મેટ્રો સ્ટેશનોનું કામ પણ ઝડપથી પૂર્ણ કરવામાં આવી રહ્યુ છે. ખાસ વાત એ છે કે શહેરીજનોને મેટ્રો સ્ટેશન અને ટ્રેન માં પ્રવેશતાની સાથે જ શહેરની ઓળખ સમાન ડાયમંડ ઈન્ડસ્ટ્રી અને ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીની ઝાંખી જોવા મળશે.

સુરતમાં ડ્રીમ સિટીથી સરથાણા અને ભેંસાણથી સારોલી વચ્ચે બે રૂટ પર મેટ્રો દોડાવવામાં આવશે. કોરિડોર-૧ એટલે કે ડ્રીમ સિટીથી સરથાણા વચ્ચેના મેટ્રો પ્રોજેક્ટમાં સાત કિમી સુધી અંડરગ્રાઉન્ડ મેટ્રો દોડશે. જે માટે ટનલનું કામ લગભગ પૂરુ થઈ ગયું છે. ખાસ વાત એ છેકે અંડરગ્રાઉન્ડ ટનલ રૂટ પર મસ્કતિ હોસ્પિટલ અને લાભેશ્વર ખાતે સર્વપ્રથમ સ્ટેક સ્ટેશન તૈયાર કરવામાં આવ્યા છે. એક જ પ્રોજેક્ટમાં બે સ્ટેકડ સ્ટેશન નિર્માણ પામ્યા હોય તે દેશનો પ્રથમ મેટ્રો પ્રોજેક્ટ છે. સામાન્ય રીતે મેટ્રો સ્ટેશન પર બંને દિશાની ટ્રેનો અને પ્લેટફોર્મ એકબીજાની આજુબાજુ હોય છે, પરંતુ અહીં અદ્યતન ટેક્નોલોજીનો ઉપયોગ કરી જમીનથી અંદાજિત ૧૧૦ ફૂટની ઊંડાઇ એ બે માળના અંડરગ્રાઉન્ડ ટનલ સ્ટ્રક્ચર તૈયાર કરાયા છે. ઉલ્લેખનીય છે કે ટ્રેનની અંદર પ્રવેશતા જ મુસાફરોને સુરતની વિશ્વવિખ્યાત ઓળખ સમાન ડાયમંડ ઈન્ડસ્ટ્રીની ઝાંખી જોવા મળશે. ટ્રેનની સીલિંગ અને એલીવેશનમાં હીરાની વિવિધ કટ્સની આબેહૂબ ડિઝાઈન કંડારવામાં આવી છે.ઉલ્લેખનીય છે કે કેટલાક સ્થળો પર જ્યાં જમીન સંપાદન કર્યા વગર મેટ્રોના રૂટ બનાવવામાં આવ્યા છે ત્યાં ટનલ બોરીંગ મશીન વડે એક બીજાની ઉપર નીચે વર્ટિકલ સ્ટેકડ ટનલ બનાવવામાં આવ્યા છે અને જમીન ધસીન પડે તે માટે મજબૂત ડાયાફ્રેમ વોલ અને ટોપ ડાઉન કન્સ્ટ્રકશન પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

### વાવાઝોડા જેવી કટોકટીમાં પણ મેટ્રો દોડી શકશે

મેટ્રો પ્રોજેક્ટમાં હાઇટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. મેટ્રોમાં વીજળીના થાંભલાઓ વગર પાટાન લેવલથી જ ૭૫૦વી ડીસી થર્ડ રેલ સિસ્ટમ દ્વારા પાવર સપ્લાય અપાશે. જેથી ભારે પવન કે વાવાઝોડા જેવી કટોકટીમાં પણ મેટ્રો દોડી શકશે. તે ઉપરાંત કોરિડોર-૧ અને કોરિડોર-૨ને જોડતું મજૂરાગેટ સ્ટેશન શહેરનું પ્રથમ ઇન્ટરચેન્જ સ્ટેશન બનશે. ખજોદ સ્થિત ૨૦ હેક્ટરમાં ફેલાયેલા ડીમ સિટી ડેપોમાં એકસાથે ૨૪ ટ્રેનો ઊભી રહી શકશે.

### ઐતિહાસિક ચોર આમલીને સાચવવા એલાઇન્મેન્ટ ચેન્જ કરાયું

કોરિડોર-૨ એટલે કે સારોલીથી ભેંસાણના રૂટ પર અડાજણગામમાં ૭૦૦ વર્ષથી જૂના ઐતિહાસિક ચોર આમલીના વૃક્ષને સાચવવા સમગ્ર એલાઇન્મેન્ટ ચેન્જ કરાવી નાખ્યું હતું. તે ઉપરાંત ૬ અંડરગ્રાઉન્ડ સ્ટેશનને ઇન્ડિયન ગ્રીન બિલ્ડિંગ કાઉન્સિલના ગ્રીન ધોરણો મુજબ ડિઝાઇન કરવામાં આવ્યા છે. ડ્રીમ સિટી સ્થિત ડેપોમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા પાણીને પુન: ઉપયોગી બનાવવા માટેની વ્યવસ્થા કરાઇ છે.